L090037130291
Sender Name: M EST
Received Date : 01/07/2021

# // પરિપત્ર //

**વિષય: નિગમ ધ્વારા વિકસાવવામાં આવેલ વિવિધ ઓનલાઇન એપ્લિકેશન બાબતે**

સરકારશ્રીના ડીજિટલ ઇન્ડીયા પ્રોજેક્ટ અન્વયે નિગમ ધ્વારા ઉધોગકારોને આપવામાં આવતી વિવિધ સેવાઓ સમયમર્યાદામાં અને પારદર્શિતા તેમ જ human interface રહિત ઉપલબ્ધ કરાવવા માટે વિવિધ એપ્લિકેશન બનાવીને કાર્યરત કરવામાં આવેલ છે, જેના માટે નિગમ ધ્વારા પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સીની નિમણુક કરવામાં આવેલ છે.

હાલમા નિગમ ધ્વારા ઉધોગકારોને આપવામા મોટા ભાગની સેવાઓ ઓનલાઇન માધ્યમ ધ્વારા પુરી પાડવામા આવે છે. ઓનલાઇન ઉપલબ્ધ સેવાઓ માટે ડેવલપ કરવામા આવેલ મોડ્યુલમા જરૂરી સુધારા વધારા કરવા અથવા નવી એપ્લિકેશન ડેવલપ કરવાની જરૂરિયાત જણાય તેવા સંજોગોમા જે-તે શાખા ધ્વારા તેઓની જરૂરિયાતની વિગતો માન. ઉપાધ્યક્ષ અને વહિવટી સંચાલકશ્રીની મંજુરી મેળવી એસ એન્ડ એ શાખાને જાણ કરવાની રહેશે તેમજ એસ એન્ડ એ શાખા ધ્વારા તે કામગીરી પુર્ણ કરવા માટે થનાર માનવદિન અંગે ગણતરી કરી માન. ઉપાધ્યક્ષ અને વહિવટી સંચાલકશ્રીની મંજુરી મેળવી પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સીને સમયમર્યાદા નક્કી કરી કામગીરી સોંપવાની રહેશે.

પ્રોજેક્ટ મેનેજમેન્ટ એજન્સી ધ્વારા નકકી કરેલ સમયમર્યાદામાં કામગીરી પુર્ણ કરવાની રહેશે, અન્યથા વર્ક ઓર્ડરની શરતો મુજબ કાર્યવાહી કરવામા આવશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહિવટી સંચાલક
જી.આઇ.ડી.સી., ગાંધીનગર.

પ્રતિ,

નિગમના તમામ સંબધિત અધિકારી/કર્મચારી..... તરફ જાણ સારૂ.

રવના કર્યુ

મેનેજર (મહેકમ)